ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

નં. પરિક્ષા/2018/19210

તા. 23-03-2018

પરિપત્ર નં. 32

વિષયઃ પરીક્ષા ખંડમાં હાજર થવા બાબત તથા મોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ સાધનો પર પ્રતિબંધ બાબત.

પરીક્ષા સુધારણા સમિતિની તા. 16-01-2018ની મીટીંગમાં નક્કી થયા મુજબ પરીક્ષા ખંડમાં હાજર થવા બાબત તથા પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ સાધનો પર પ્રતિબંધ મુકવા અંગેની ભલામણો તા. 15-02-2018ની એકેડેમિક કાઉન્સિલની ઠરાવ ક્રમાંક 8 તથા એક્ઝીક્યુટીવ કાઉન્સિલના ઠરાવ ક્રમાંક 3થી મંજૂર કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે અને તદઅનુસાર કાર્યવાહી કરવાનું રાખવું.

1. યુનિવર્સિટી તથા કોલેજ કક્ષાની પરીક્ષાઓમાં પરીક્ષા ખંડમાં મોડામાં મોડા પરીક્ષા શરૂ થવાની 15 મિનિટ પહેલાં સુધી જ પ્રવેશ આપવો.
2. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ.122010/1854/વ.2, તા. 28-07-2010 અનુસાર વિદ્યાર્થીઓના પરીક્ષા કેન્દ્રો પર, કેમ્પસમાં, વર્ગખંડમાં, સ્ટાફ રૂમમાં કે અન્ય કોઈપણ જગ્યાઓ પર જ્યાં પરીક્ષાની કામગીરી થતી હોય ત્યાં મોબાઈલ કે અન્ય ઈલેક્ટ્રોનિક્સ સાધનો લઈ જવા પર પ્રતિબંધ મુકવો. સદર જોગવાઈ પરીક્ષાની કામગીરી સાથે જોડાયેલ તમામ સંબંધિતોને લાગુ પડશે. જે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રો પર, કેમ્પસમાં કે કેમ્પસની બહાર, વર્ગખંડમાં, સ્ટાફ રૂમમાં કે અન્ય કોઈપણ જગ્યાઓ જ્યાં પરીક્ષાની કામગીરી થતી હોય ત્યાં મોબાઈલમાં પ્રશ્નપત્ર કે સંબંધિત સાહિત્ય સાથે પકડાય તો તે કોપી કેસ ગણી આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

સદર પરિપત્રની જાણ વિદ્યાર્થીઓને થાય તે માટે સદર પરીપત્ર કોલેજો તથા પરીક્ષા કેન્દ્રોના નોટિસ બોર્ડ પર મુકવા વિનંતી.

કા. કુલસચિવ